# બહાદુર દીકરી

– યશવંત કડીકર

કેટલાય દિવસોથી માનવભક્ષી વાઘના ત્રાસથી ગામના લોકો ત્રાસી ગયા હતા. આ જાણકારી ગામના લોકોએ વનવિભાગને પણ આપી હતી, છતાં એનો સામનો કરવા માટે કોઈ વ્યવસ્થા ગોઠવાઈ ન હતી. રાણીને ખેતરમાં ઘાસ લેવા જવા માટે જતી જોઈ, ગામના આગેવાનો રમણભાઈ અને શંભુકાકાએ કહ્યું.

'બેટા, ખેતરમાં એકલી ના જઈશ. તને ખબર નથી કે જંગલમાં માનવભક્ષી વાઘે હાહાકાર મચાવ્યો છે.' રમણભાઈએ કહ્યું, 'બધા લોકો વાઘના ભયથી થરથરી રહ્યા છે. તને બીક નથી લાગતી કે આમ એકલી જંગલમાં જઈ રહી છે ?'

'હા, દીકરી ખેતરમાં એકલી ના જઈશ. આ માનવભક્ષી વાઘનો શો ભરોસો ? ક્યાંક છુપાઈને બેઠો હોય.' શંભુકાકાએ પણ એને સમજાવી.

'કાકા, ગામમાં આટલા બધા લોકો છે. તેઓ આ એક માનવભક્ષી વાઘને મારી શકતા નથી ?' રાણીએ પ્રશ્ન કર્યો. 'નાની વાતોમાં તો લોકો બહાદુરીની મોટી મોટી વાતો કરતા હોય છે.'

'આવા ખતરનાક માનવભક્ષી વાઘ સામે કોણ જાય ? બધાને પોતાનો જીવ વહાલો હોય છે.' શંભુકાકાએ કહ્યું.

'જો એ મારી સામે આવે તો હું એને ત્યાં ને ત્યાં મારી નાખું.' રાણીએ હિંમતથી કહ્યું, 'તે મારાં બે વાછરડાં ખાઈ ગયો છે. આ વાછરડાંને મારાં માતા–પિતાએ ખૂબ જ મહેનતથી ઉછેર્યાં હતાં. એ વાઘનું નામ સાંભળતાં જ મને ગુસ્સો આવે છે.'

'ચાલ ભાઈ, રમણ ! આને સમજાવવી મુશ્કેલ છે.' શંભુકાકાએ રમણભાઈએ કહ્યું, 'આ બધી વાતો એને નહીં સમજાય.' તેઓ બન્ને આગળ નીકળી ગયા.

બપોરના સમયે બધા લોકો પોતપોતાના ખેતરોમાં કામ કરી રહ્યા હતા. રાણી પણ બાજુના ખેતરમાં જાનવરો માટે ઘાસ કાપી રહી હતી. અચાનક જ 'ભાગો–ભાગો'નો અવાજ સંભળાયો. આ અવાજ સાંભળી તે ખેતરની બહાર આવી. એણે જોયું તો પેલા વાઘના ભયથી લોકો ખેતરમાં કામ છોડીને ભાગમ્ભાગ કરી રહ્યા છે. માસી નાના બાળકને લઈને હમણાં જ કામમાં લાગી હતી. એણે

જોયું, વાઘ આવીને ઝાડીમાં છુપાઈ ગયો છે. તે પોતાની જાતને સંકોચીને હુમલો કરવા માટે તૈયાર કરી રહ્યો હતો. તે વાઘની ચાલાકીને સમજી ગઈ.



વાઘનું નામ સાંભળીને જ માસી ગભરાઈ ગઈ. તે ત્યાંથી ભાગી નીકળી. પેલું બાળક ત્યાં જ રહી ગયું. વાઘે ગર્જના કરીને હુમલો કર્યો. પેલા બાળકને બચાવવા રાણી વાઘની સામે આવી ગઈ. વાઘની ગર્જનાથી એક વાર તો રાણી પણ ધ્રૂજી ઊઠી. તો પણ તે હિંમત ન હારી. વાઘે જેવું મોં પહોળું કરીને હુમલો કર્યો કે એણે એનો દાતરડા સાથેનો હાથ એના મોંમાં ખોસી ઘાલ્યો. દાંતરડું વાઘના મોંમાં ફસાઈ ગયું. તે તરફડીને ત્યાં જ ઢળી પડયો. તું જ માનવભક્ષી વાઘ છે ને, આજે હું તને જીવતો નહીં છોડું. તું મારાં બે વાછરડાં ખાઈ ગયો છે. ડંડાથી રાણી એને મારતી ગઈ, ત્યાં સુધીમાં ગામના લોકો એની મદદે આવી પહોંચ્યાં.

રાણીની બહાદુરી જોઈ બધાંનો આનંદ માતો ન હતો. એને ઘાયલ અવસ્થામાં દવાખાનામાં લઈ ગયા. રાણીના કારણે જ માસીનું બાળક બચી ગયું હતું ગામના મુખીએ એનું 'બહાદુર દીકરી'ના સરપાવથી સન્માન કર્યું.

■